જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૭/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૯૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૨	૦	૧૧૬૩૨	૧૭૭૪૩	૦	૧૭૭૪૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૦	૨	૪૭૩૨	૬૨૬૫	૨	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૧	૦	૧૦૧	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૪૫૫૫	૧૩૯	૬૪૬૯૪	૬૫૧૪૮	૧૫૧	૬૫૨૯૯
કુલ		૮૧૦૧૮	૧૪૧	૮૧૧૫૯	૮૯૫૦૮	૧૫૩	૮૯૬૬૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૨	૨,૬૯,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૪૦	૧૩,૪૦,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન “રીક્ષામાં બેસાડી પેસેન્જરની લુંટ કરવાના ગુનાના”કામના ત્રણ આરોપીઓને પકડી પાડતી- નરોડા સર્વેલંન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના પો.કોન્સ વિષ્ણુભાઇ હીરાભાઇ તથા તથા એલ.આર વિક્રમસિંહ પ્રેમસિંહ નાઓની સંયુક્ત બાતમી હક્કિત આધારે નરોડા નરોડા પાટીયા સર્કલ પાસેથી નરોડા પોલીસ સ્ટેશન -એ-૧૧૧૯૧૦૩૫૨૧૧૪૬૦/૨૦૨૧ ઇ.પી.કો.કલમ-૩૯૪,૧૧૪ મુજબનો ગુનો નોધાયેલ જે ગુનાના કામના આરોપીઓને નરોડા પાટીયા સર્કલ પાસેથી પકડી તેનુ નામ ઠામ પુછતાં તેણે પોતાનુ નામ રોહીતભાઇ કલ્પેશભાઇ (૧) રાજકુમાર શંકરભાઇ જાતે-ગાયકવાડ ઉ.વ.૨૪ ધંધો રીક્ષા ડ્રાઈવિંગ રહે, મકાન નં- ૧૨ સિલ્વર જ્યોત સોસાયટી ભાનુ વિધ્યાલયની પાસે એ વોર્ડ કુબેરનગર સરદારનગર અમદાવાદ મુળ વતન સલગરબસ્તી એરીયા-શટલમેન્ટ થાના સલગરબસ્તી પોલીસ સ્ટેશન-સોલાપુર જી-સોલાપુર મહારાષ્ટ્ર (૨) કાળુભાઇ ઉર્ફે કાળીયો કેશાભાઇ જાતે-વાઘેલા (ઝંડાવાળા) ઉ.વ.૨૫ ધંધો-નોકરી રહે, નેહરૂનગરના છાપરા કેવલ કચોરીવાળી ગલીમાં સરદારનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ–દેતા રાજસ્થાન (૩) કરણ ઉર્ફે ચુમ્મો વિજયભાઈ જાતે સોલંકી ઉ.વ ૨૬ ધંધો છુટક મજુરી રહે મ.નં ૩૫૩ નહેરુનગરના છાપરા કેવલ કચોરીની પાછળ જી વોર્ડ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર મુળ વતન અંધેરી રેલ્વે સ્ટેશનની સામે છાપરામાં મુંબઈ મહારાષ્ટ્ર નાની પાસેથી મળી આવેલ ઉપરોક્ત ગુનાના કામે લુંટના ચોરીના કામે વપરાયેલ રીક્ષા જીજે-૦૧-ટી.એ-૨૭૯૩ ની જેની કિરૂ,૭૦,૦૦૦/-તથા મોબાઇલ નંગ-૧ કિ રૂ ૫,૦૦૦/- સાથે મળી કુલ્લે રૂ.૭૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ગુનાના કામે અટક કરી તા.૧૭/૦૭/૨૦૨૧ ના કલાક ૨૧/૪૫ વાગે પકડી કાયદેશરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૧૭/૦૭/૨૦૨૧.

આરોપીઓનુ નામ

(૧) રાજકુમાર શંકરભાઇ જાતે-ગાયકવાડ ઉ.વ.૨૪ ધંધો રીક્ષા ડ્રાઈવિંગ રહે, મકાન નં- ૧૨ સિલ્વર જ્યોત સોસાયટી ભાનુ વિધ્યાલયની પાસે એ વોર્ડ કુબેરનગર સરદારનગર અમદાવાદ મુળ વતન સલગરબસ્તી એરીયા-શટલમેન્ટ થાના સલગરબસ્તી પોલીસ સ્ટેશન-સોલાપુર જી-સોલાપુર મહારાષ્ટ્ર (૨) કાળુભાઇ ઉર્ફ કાળીયો કેશાભાઇ જાતે-વાઘેલા (ઝંડાવાળા) ઉ.વ.૨૫ ધંધો-નોકરી રહે, નેહરૂનગરના છાપરા કેવલ કચોરીવાળી ગલીમાં સરદારનગર અમદાવાદ મુળ વતન ગામ–દેતા રાજસ્થાન (૩) કરણ ઉર્ફ ચુમ્મો વિજયભાઈ જાતે સોલંકી ઉ.વ ૨૬ ધંધો છુટક મજુરી રહે મ.નં ૩૫૩ નહેરૂનગરના છાપરા કેવલ કચોરીની પાછળ જી વોર્ડ કુબેરનગર સરદારનગર અમદાવાદ મુળ વતન અંધેરી રેલ્વે સ્ટેશનની સામે છાપરામાં મુંબઈ મહારાષ્ટ્

મુદ્દામાલ

ચોરીના કામે વપરાયેલ રીક્ષા જીજે-૦૧-ટી.એ-૨૭૯૩ ની જેની કિરૂ,૭૦,૦૦૦/-તથા મોબાઇલ નંગ-૧ કિ રૂ ૫,૦૦૦/- સાથે મળી કુલ્લે રૂ.૭૫,૦૦૦/- ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિ/કર્મચારી

સર્વે.સ્કવોડ પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો. રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૯૦ તથા પો.કો.દિલીપકુમાર ભરતભાઇ બ.નં.૫૯૬૪ તથા પો.કો. પંકેશકુમાર ધનાભાઇ બ.નં.૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૦૪૬ તથા પો.કો..પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૬૮૬૩ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૪૯૨૭ તથા પો.કો..મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૪૯૩૪ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૯૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૨૭ લીટર દેશી દારૂ, ૪૫૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૭ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૯૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૦૦/૨૦૨૧**

સેટેલાઇટઃ જીજ્ઞેશભાઇ બંસીલાલ મહેરોવાલા (ઉ.વ.૪૯) (રહે. જયમા સોસાયટી અવની રો-હાઉસ સામે માનસી સર્કલ સેટેલાઇટ) એ તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૧૬ થી માહે માર્ચ-૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હિતેષભાઇ ઉર્ફે ઘનશ્યામભાઇ હરીઓમપ્રસાદ યાજ્ઞીક (રહે. ૭૯/૭૧૨ વિજયનગર ફ્લેટ નુતન નાગરીક બેંકની બાજુમાં વિજયનગર નારણપુરા અમદાવાદ શહેર) (હાલ રહે. સી/૧૦૨ અક્ષર બોસ્કી એલીગન્સ પેથાપુર ચોકડી રાધેજા રોડ પેથાપુર ગાંધીનગર) એ જીજ્ઞેશભાઇ મહેરોવાલાને તંત્ર-મંત્ર ની ગુઢ વિધ્યાથી આર્થીક મુશ્કેલીઓ દુર કરી અઢળક રૂપિયાનો વરસાદ વરસાવવાની લાલચ આપી અંધવિશ્વાસમાં રાખી તાંત્રીક વિધીના નામે તથા જીજ્ઞેશભાઇ મહેરોવાલાને પોતાના શિષ્ય બનાવી ગુઢ વિધ્યા શીખવાડી આશ્રમમા જગ્યા અપાવવાના બહાને જીજ્ઞેશભાઇ મહેરોવાલા પાસેથી એક્ટીવા નંગ-૩ કિમત રૂપિયા ૧,૩૧,૦૯૪/- તેમજ નવનાથ દાદા પાસે તંત્ર-મંત્રથી શુધ્ધ કરવાના બહાને સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- તેમજ કચ્છ જિલ્લા ખાતે પચાસ હજાર એકર જમીન ઓછા ભાવે લેવડાવશે અને મોટી કંપનીને ઉંચા ભાવે વેચી આપશે તેવી લાલચ આપી અન્ય જમીનના કાગળો બતાવી વિશ્વાસ કેળવી જમીનના નામે રૂપિયા ૮૯,૩૫,૪૪૬/- મળી કુલ રૂપિયા ૯૪,૬૬,૫૪૦/- મેળવી લઈ જીજ્ઞેશભાઇ મહેરોવાલા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ..શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

આનંદનગરઃ રાકેશભાઇ મોહનલાલ રાવ (રહે. ઓર્કીડ હેવન એપલવુડ ટાઉનશીપ શાંતીપુરા ચાર રસ્તા શેલા) એ તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાકેશભાઈ રાવ આનંદનગર પ્રહલાદનગર કિરણ મોટર્સ ચાર રસ્તા પાસે રીવેરા આર્કેડ ખાતે માર્બલ અને ગ્રેનાઈટના પથ્થરનો ધંધો કરતા હોઈ તા.૨૫/૦૪/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)પ્રદિપ ટીકમલાલ માલી અને (૨) મોતીલાલ માલી (ઓફીસ સરનામુ -સાનીધ્યા ફલોરા ખોડીયાર માતાના મંદિર પાસે કાળીગામ રોડ ન્યુ રાણીપ) એ ગ્રેનાઈટ પથ્થરનો ઓર્ડર આપી ગ્રેનાઈટ પથ્થર મેળવી લઈ બાકી નિકળતા રૂપિયા ૨૨,૧૪,૬૯૧/- નહી ચુકવી રાકેશભાઈ રાવ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

વાસણાઃ પ્રવિણભાઇ જયેનભાઇ માડાયે (રહે.રાજ્યશ રીવન્ટા પંપીંગ સ્ટેશન સામે ન્યુ વાસણા) એ તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વાસણા રાજયશ રીવન્ટા ફ્લેટ ખાતે સોસાયટીના ચેરમેન ભાવિકભાઇ ઝવેરી અને સેક્રેટરી ચેતનભાઇ શાહ (બન્ને રહે. રાજ્યશ રીવન્ટા,પંપીંગ સ્ટેશન સામે ન્યુ વાસણા) એ અગાઉના વહીવટી સમયગાળા દરમ્યાન પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી સોસાયટીના કુલ રૂપિયા ૨૨,૬૫,૧૮૪/- અંગત ઉપયોગમાં લઈ સોસાયટીના રહીશો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૧૩૦૧/૨૦૨૧

કાગડાપીઠઃ સંદિપ કુટરમલજી સોની (રહે. શિવમ એપાર્ટમેન્ટ કલાસીકલ સ્કુલ સામે ભુલાભાઇ પાર્ક કાંકરીયા રોડ કાંકરીયા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ભુલાભાઇ ચાર રસ્તા ધનલક્ષ્મી જવેલર્સ નામની પોતાની દુકાને તા.૧૭/૦૭/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન સોનાના દાગીના ખરીદ કરવા આવેલ સ્ત્રી-પુરૂષ સંદિપ સોનીની નજર ચુકવી દુકાનમાંથી સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

ત્યજી દીધેલ જીવિત શિશુ મળી આવવા બાબતઃ- સમાચાર યાદી નં.૧૩૦૨/૨૦૨૧

કાગડાપીઠઃ તા.૧૭/૦૭/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા મહીપતરામ રૂપરામ આશ્રમનાં મેઇન ગેટ પાસે પારણામાં તાજી જન્મેલ જીવિત શિશુ (બાળકી) ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા કાગડાપીઠ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૦૩/૨૦૨૧**

અમરાઇવાડીઃ અરૂણાબહેન વા/ઓ શૈલેષભાઇ ડાંગીયા (રહે. મહાલક્ષ્મીનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

નિકોલઃ બ્રિજેશ રમેશભાઈ પટેલ (ઉ.વ.૨૮) (રહે. રવિરાજ ડુપ્લેક્ષ દેવસ્ય સ્કૂલ પાસે નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૧૭/૦૭/૨૧ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રણછોડભાઈ ચલાવે છે.

રામોલઃ વિભાબહેન વા/ઓ વિપુલભાઇ વાઘેલા (ઉ.વ.૩૬) (રહે. સત્ય સાંઇકૃપા સોસાયટી સિદ્ધેશ્વરી સોસાયટીની બાજુમાં સી.ટી.એમ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૧ સવારના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળાફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી